## સંક્ષિપ્ત સમાચાર

### સ્વાસ્થ્ય માટે સુપર સોલ્ટનું સિંધવ મીઠું બેસ્ટ હોવાનો કંપનીનો દાવો

સુરતઃ શુધ્ધ સાત્વિક ગુણો વિનાનું મીઠું પણ સ્વાસ્થને હાનિ પહોંચાડે છે. તેવા સંજોગોમાં ભોજનમાં 'સિંધવ મીઠું' સ્વાસ્થ માટે ઉત્તમ છે તેવું આયુર્વેદ કહે છે ત્યારે 'સુપર સોલ્ટ' ના ચેરમેન મહમ્મદ ઈલ્યાસ કે જેઓ વેપારી આલમમાં બાબુભાઈના નામે જાણીતા છે. તેઓ કહે છે કે તેમના પિતા દ્વારા સ્થાપિત આ પેઢી બે દાયકા જુની છે અને ભોજનમાં વપરાતા ૧૦૦ ટકા શુધ્ધ અને નેચરલ સિંધવ મીઠા તરીકે સુપર સોલ્ટની એક આગવી ઓળખ છે. તેઓ સિંધવ મીઠાના હોલસેલ વેપારી છે, પાંડેસરા ખાતે ફેક્ટરી ધરાવે છે અને ઓલ ગુજરાતમાં સિંધવ મીઠું સ્પલાય કરે છે. જેને હિન્દીમાં લોકો 'સેંધા નમક' અને અંગ્રેજીમાં 'પિન્ક સોલ્ટ' તરીકે બોલે છે. લોકોએ સારા સ્વાસ્થ માટે શુધ્ધ અને નેચરલસિંધવ મીઠાંનો જ ઉપયોગ કરવો જોઈએ.

### લાયન્સ ક્લબ નોર્થ દ્વારા પ્રોફેશનલ ડેની ઉજવણી કરવામાં આવી



સુરત : લાયન્સ ક્લબ નોર્થનાં ઉપક્રમે વર્ષ પ્રારંભની પ્રથમ સભામાં પ્રોફેશનલ ડેની ઉજવણી કરી શહેરનાં પ્રતિભા સંપન્ન ડોક્ટર્સ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને સન્માનિત કરવામાં આવ્યા હતા. 'કી નોટ સ્પીકર' તરીકે જાણીતા ફિટોલોજીસ્ટ ડો. હિતાંશુ ભટ્ટે તેમના વક્તવ્ય દ્વારા દર્દી-તબીબનાં સંબધોમાં માનવીય સંબંધોમાં સંવેદનાનો સેતુ રચાય એ અનિવાર્ય છે તેમ જણાવ્યું હતું. પૂર્વ ડે. ગર્વનર સુધીરભાઈ દેસાઈએ ડોક્ટર્સ ડેની ઉજવણી બંગાળનાં પૂર્વ મુખ્યમંત્રી અને અગ્રણી તબીબ બી.સી.રોયની યાદમાં કરવામાં આવે છે એનો ઉલ્લેખ કરી જૂના સંસ્મરણો વાગોળ્યા હતા. એમના શુભ હસ્તે ડો. રાજેશકુમાર અને સી.એ. જય ગજ્જર અને ભાવેશ સરૈયાને સમ્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમુખ પરાગ ગાંધીએ સ્વાગત, રમેશ લાયન્સવાળાએ પ્રાર્થના મંત્રી શૈલેશ જરીવાળા અને અન્ય મહાનુભાવોએ ઔપચારિક વિધિ આટોપી હતી.

### ન્યૂ સિટીલાઈટ ખાતેના મા ભીમેશ્વરી મંગળ પાઠ અને ભજન સંધ્યાનું આયોજન કરાયું



સુરતઃ ન્યુ સિટી લાઈટ સ્થિત મા ભીમેશ્વરી દેવી (શ્રી બેરીવાળી માતા) મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ગતરોજ મંગલ પાઠ અને વિશાળ ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ નરેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, બપોરે 3:30 વાગ્યાથી સુરભિ બિરજુકા દ્વારા મંગલ પાઠનું પઠન કરવામાં આવ્યું હતું. સાંજે 6 વાગ્યાથી કાર્યક્રમમાં ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરેશ જોશી, હિરલ શર્મા ઉપરાંત કોલકાતાના વિકાસ ઝાએ ભજન અને ધમાલ રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન સ્ટેજનું સંચાલન યોગેશ બંસલે કર્યું હતું. રાત્રે 8 વાગ્યાથી મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું અને રાત્રે 9 વાગ્યે માના ખજાનામાં એકવીસ ચાંદીના સિક્કાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અખંડ જ્યોત, પુષ્પ વર્ષા, પરફ્યુમ સ્પ્રે, છપ્પન ભોગ વગેરે કાર્યક્રમો પણ યોજાયા હતા.

### નેપાળમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ૧૯મી વિશ્વ સંસ્કૃત પરિષદમાં સુરતની સાર્વજનિક યુનિ.એ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું



સુરતઃ ૧૯મી વિશ્વ સંસ્કૃત પરિષદ ૨૬ થી ૩૦ જૂન ૨૦૨૫ દરમિયાન નેપાળની રાજધાની કાઠમંડુમાં યોજાયેલી પરિષદમાં સાર્વજનિક યુનિવર્સિટીના સંશોધન કેન્દ્ર ચુનિલાલ ગાંધી વિદ્યાભવનની નિર્દેશિકા ડો. મીતા વંસાડિયા દ્વારા પરિષદમાં ભાગ લેવાયો હતો. તેમણે શિર્ષકવાળી નિષ્ણાંત પત્રિકાની રજૂઆત કરી:'સાર્વજનિક યુનિવર્સિટીના ચુનિલાલ ગાંધી વિદ્યાભવનમાં સંસ્કૃત હસ્તપ્રતાનું AI આધારિત ડિજિટલીકરણ માટે કાર્યરત એક અનોખો પ્રોજેક્ટ.' આ પરિષદમાં જ્ઞાનપ્રદ પત્રવાચન, સાંસ્કૃતિક અદલ બદલ અને શૈક્ષણિક ચર્ચાઓ યોજાઈ, જેના માધ્યમથી સંસ્કૃતને જીવંત વારસા તરીકે વૈશ્વિક પ્રતિબદ્ધતા પ્રાપ્ત થઈ. સાર્વજનિક યુનિવર્સિટીએ જે યોગદાન આપ્યું તે બતાવે છે કે ભારતીય સંસ્થાઓ કઈ રીતે શાસ્ત્રીય અભ્યાસમાં નવીનતાને સ્વીકારી રહી છે.

### સુરતના પૂર્વ કલેક્ટર વસંત ગઢવી મોરારજી દેસાઈની આત્મકથા પર પોતાનું વિશ્લેષણ રજૂ કરશે

સુરતઃ અહિંસાના આધારે રાજકારણ જીવેલું એક નીતિનિષ્ઠ જીવન,SRK ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (SRKIS) દ્વારા આયોજિત "જીવન સાંનિધ્ય" શ્રેણી અંતર્ગત પિસ્તાળીસમું વક્તવ્ય તા. ૭ જૂન 2025 ના રોજ સાંજે 5:45 થી 7:30 વાગ્યા સુધી યોજાશે. તેમાં નિવૃત્ત IAS અધિકારી, સુરતના ભૂતપૂર્વ કલેક્ટર વસંત ગઢવી દ્વારા મોરારજી દેસાઈની આત્મકથા "મારું જીવન વૃતાંત" પર પોતાનું દૃષ્ટિકોણ અને વિશ્લેષણ રજૂ કરશે. આ કાર્યક્રમ તારામોતી હોલ, MTB કોલેજ કેમ્પસ, ચોપાટી, સુરત ખાતે જાહેર જનતા માટે યોજાશે એમ શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન પ્રેસિડેન્ટ કમલેશ યાજ્ઞિકએ જણાવ્યું છે.

### સુમુલ ડેરી રોડની શ્રી શંભુભાઈ વી.પટેલ કોલેજ ખાતે મહેંદી હરીફાઈ યોજાઈ



સુરતઃ શ્રી શંભુભાઈ વી પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત ખાતે મેંહદી હરિફાઈ નું આયોજન કરવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં બી.બી.એ તથા બી.સી.એ ના વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો.આ પ્રસંગે કોલેજ ના ઈ.આ શ્રી સી.એચ ઠક્કર અને કોલેજ પરિવારના સભ્યો એ ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

### કતારગામની મહાજન બાળાશ્રમ સ્કૂલમાં મિસ ગોરમા અને મિસ્ટર કેસરિયો સ્પર્ધા યોજાઈ



સુરતઃ રવિવારથી અલુણાનાં વ્રતોની શરૂઆત થશે. જેનાં ઉપલક્ષમાં શનિવારે કતારગામ વિસ્તારમાં આવેલી મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત શ્રી હિંમતલાલ ઝીણાભાઈ લોખંડવાળા પૂર્વ પ્રાથમિક વિભાગ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થિનીઓ મિસ ગોરમા અને વિદ્યાર્થીઓ મિસ્ટર કેસરીયા બનીને આવ્યા હતા. છોકરીઓ શાળામાં તેમની સાથે જ્વારાની ટોપલી અને આરતીની થાળી શણગારીને લઈને આવી હતી. આજનાં આ કાર્યક્રમનાં ઉપલક્ષમાં શાળાનાં શિક્ષકોએ બાળકોને અલૂણા વ્રતનું મહત્વ સમજાવ્યું અને ગીતો ગવડાવ્યા હતાં. જ્યારે આચાર્ય સંજયભાઈ જાદવએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# પાલિકાની ધારાસભ્યો સાથેની સંકલનમાં પણ ખાડીપૂરનો મુદ્દો ગાજ્યો

**રસ્તાના** ખાડા તેમજ મેટ્રોના કારણે ઉભી થયેલી હાલાકી મુદ્દે પણ ધારાસભ્યોએ બળાપો કાઢ્યો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ધારાસભ્યો સાથેની માસિક સંકલન બેઠક આજે યોજાઈ હતી, બેઠકમાં વરસાદી પાણીનો ભરાવો અને ખાડીપૂરના મુદ્દાઓ ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. ધારાસભ્યોએ પોતપોતાના વિસ્તારોમાં પાણી ભરાવા અને ખાડીપૂરની સમસ્યાઓ અંગે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓનો ઉધડો લીધો હતો અને આ સમસ્યાઓના ટેકનિકલ કારણો શોધીને રિપોર્ટ રજૂ કરવા આદેશ આપ્યો હતો. મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલે અધિકારીઓને આ મુદ્દાઓના નિરાકરણ માટે કડક સૂચનાઓ આપી હતી. મેટ્રોના કારણે ઉભી થયેલી હાલાકી મામલે પણ ધારાસભ્યોએ મીટિંગમાં ઉપસ્થિત મેટ્રોના અધિકારીઓને આડેહાથ લીધા હતા.

### ગેરકાયદે બાંધકામો મુદ્દે બનેલી એસઓપીમાં અધિકારીની જવાબદારી નક્કી કરો : અરવિંદ રાણા

ધારાસભ્ય અરવિંદ રાણાએ જણાવ્યું કે અધિકારીઓના મેળાપીપણાને કારણે ગેરકાયદે બાંધકામો થઈ રહ્યા છે. ડિમોલિશન ટીમ નામમાત્રનું ગાબડું કરીને પરત ફરે છે અને માલિકો પાસેથી ડિમોલિશનની બાંયધરી લઈ સંતોષ માને છે, પરંતુ ત્યાં વધારાનું બાંધકામ પણ થઈ જાય છે. તેમણે ગત બેઠકમાં SOP (Standard Operating Procedure) બનાવવાની રજૂઆત કરી હતી, પરંતુ હાલના SOPમાં અધિકારીઓની જવાબદારી નક્કી થતી નથી. તેમણે મિલકતદારોની મિલકતો કાયદેસર બનાવવાની પ્રક્રિયા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કમિશનરે 12 ડિસેમ્બર, 2022થી અત્યાર સુધી ડિમોલિશન માટે ગયેલી ટીમોની યાદી, તે સમયની અને વર્તમાન સ્થિતિનો રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપી હતી.

### રસ્તાના ખાડાઓ મુદ્દે કુમાર કાનાણીએ સવાલો ઊઠાવ્યા

વરાછાના ધારાસભ્ય કુમાર કાનાણીએ વરસાદમાં ધોવાઇ ગયેલા રસ્તા મુદ્દે તંત્રનો કાન આમળ્યો હતો. તેમજ રસ્તામાં છાસવારે પડતા ખાડાઓ અટકાવવા માટે આધુનિક ટેકનિકથી રસ્તા બનાવી લોકોને હાલાકીમાંથી મુક્તિ આપવા હિમાયત કરી હતી.

### અડાજણમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા મુદ્દે પુર્ણેશ મોદીએ ઉધડો લીધો

ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ અડાજણ વિસ્તારમાં એલ. પી. સવાણી રોડથી ઉગત તરફ અને ઉગત કેનાલથી મશાલ સર્કલ તરફ જતા રોડ પર પ્રથમ વખત વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉઠાવી હતી. આના કારણે અનેક સોસાયટીઓમાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયું હતું. આ સમસ્યાનું ટેકનિકલ કારણ શોધીને રિપોર્ટ રજૂ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

### પાંડેસરા કોમ્યુનિટી હોલ પાસે ગાર્ડની ખાલી જગ્યામાં MD ડ્રગ્સનું વેચાણ થાય છેઃ મનુ પટેલ

**મનપાનું** કાર્યક્ષેત્ર ન હોવાથી પોલીસનું ધ્યાન દોરવું: મ્યુ. કમિ.

**પોલીસને** કહી કહીને થાક્યા પણ કોઇ કાર્યવાહી થતી નથી : મનુ પટેલ

સુરતઃ સુરત મનપા અને ધારાસભ્ય તેમજ સાંસદની સંકલન મીટિંગમાં આજે ઉધનાના ધારાસભ્ય મનુ પટેલે મનપાના કાર્યક્ષેત્રની બહારની તેમજ સરકારની નિષ્ફળતા સાબિત કરતા હોય તેવી ફરિયાદ કરીને બધાને ચોંકાવી દીધા હતા. મનુ પટેલે દાવો કર્યો હતો કે પાંડેસરા કોમ્યુનિટી હોલ પાસે ગાર્ડનની ખાલી જગ્યામાં એમ.ડી. ડ્રગ્સ સહિતની ગેરકાયદે પ્રવૃતિઓ બેરોકટોક થાય છે. તેથી આ જગ્યા પર પાર્ટી પ્લોટ બનાવી દેવો જોઇએ. પાંડેસરા વિસ્તારમાં મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલની બાજુમાં ગાર્ડનવાળી જગ્યામાં એમ.ડી ડ્રગ્સ અને અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ બાબતે ફરિયાદ કરી હતી. જો કે મનપા કમિશનરે જણાવ્યું હતું કે, આ મનપના કાર્યક્ષેત્રની વાત નથી. એટલે પોલીસને લોકેશન સાથે ધ્યાન દોરો. જો કે મનુ પટેલે એવું પણ કહી દીધું હતું કે, પોલીસને કહી કહીને થાકયા પણ કોઇ કાર્યવાહી થતી નથી.

### સુરતમાં તાપી નદી બે કાંઠે, કોઝવેની સપાટી ભયજનકથી ઉપર 6.57 મીટર



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી વરસાદી માહોલને કારણે તાપી નદીની સપાટી કોઝવે ખાતે ૬.૫૭ મીટરે પહોંચી છે, જે ભયજનક સપાટી ૬ મીટરથી ઉપર છે. આને કારણે કોઝવે પરથી પાણી ઓવરફ્લો થઈ રહ્યું હોવાથી સુરત મહાનગરપાલિકાએ કોઝવેને વાહન વ્યવહાર માટે બંધ કરી દીધો છે. નદીના પ્રવાહમાં વધારો થતાં ઠેર ઠેર જામેલી જળકુંભી પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ છે. હાલ તાપી નદી ક્યાંક શાંત તો ક્યાંક રૌદ્ર સ્વરૂપે જોવા મળી રહી છે.

## શહેરમાં વધુ દોઢ ઈંચ સુધી પાણી વરસ્યું : સહરા દરવાજા ગરનાળામાં ઘૂંટણ સુધીના પાણી ભરાયા

**સરદાર** માર્કેટથી સ્મીમેર હોસ્પિટલ સુધી એક કિ.મી.નો ટ્રાફિકજામ થતાં વાહન ચાલકો અટવાયા

સુરતઃ શહેરમાં આજે પણ સવારથી ધોધમાર વરસાદ ચાલુ થતા શહેરીજનોની મુશ્કેલીમાં વધારો થયો હતો. વરાછા, કતારગામ, સરથાણા, અઠવા, રાંદેર, લિંબાયત અને ઉધના જેવા વિસ્તારોમાં સતત વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. સહારા દરવાજા ખાતે રેલવે ગરનાળામાં ઘૂંટણ સુધી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, સરદાર માર્કેટથી સ્મીમેર હોસ્પિટલ સુધી એક કિલોમીટર લાંબો ટ્રાફિકજામ સર્જાયો, જેના કારણે શાકભાજીના વેપારીઓ અને પર્વત પાટિયા તરફથી આવતા વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આજે સવારથી બપોર સુધીમાં જ શહેરમાં એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સરદાર માર્કેટ પાસે ચાલી રહેલી રોડની કામગીરીને કારણે રસ્તો સાંકડો થઈ ગયો છે અને વરસાદના પાણીથી રસ્તા પર ખાડાઓ પણ પડ્યા છે.

**શહેરમાં ઝોનવાઇઝ વરસાદ**

| | |
|---|---|
| સેન્ટ્રલ | 39 મીમી |
| રાંદેર ઝોન | 46 મીમી |
| કતારગામ | 34 મીમી |
| વરાછા-એ | 35 મીમી |
| વરાછા -બી | 25 મીમી |
| લિંબાયત | 24 મીમી |
| અઠવા | 17 મીમી |
| ઉધના | 20 મીમી |

### પુણાગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકને જાતીય સતામણીના કેસમાં શંકાનો લાભ મળ્યો

સુરતઃ પુણાગામની એક પ્રાથમિક શાળાનાં મુખ્ય શિક્ષક નિશાંત યોગેશચંદ્ર વ્યાસ ફરજ પોતાનો મોબાઈલ ફોન આપતો હતો, એક બાળકને નગ્ન કરી બીજા બાળકો તેની ઠઠ્ઠા મશ્કરી કરતા હોય તેવો વિડીયો બનાવ્યો હતો. તદુપરાંત વિદ્યાર્થી સાથે જાતીય સતામણી કરી હોવાનો પણ નિશાંત વ્યાસ ઉપર આરોપ હતો. જે તે સમયના શાસનાધિકારીના હુકમથી શિક્ષક નિરીક્ષક વર્ષ 2022માં આ આરોપી નિશાંત વ્યાસ સામે પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી. પુણા પોલીસે પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. જો કે ફરિયાદ પક્ષ ઈન્સાફી કાર્યવાહી દરમિયાન કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડ્યો હતો. આરોપી તરફે સીનિયર વકીલ ગૌતમ આઈ.દેસાઈ અને ચેતન શાસ્ત્રીએ દલીલો કરી હતી.

### અલુણા વ્રત દરમિયાન મનપાના 60 બાગમાં માત્ર મહિલા, બાળકો અને વયોવૃદ્ધોને જ પ્રવેશ

સુરતઃ અલુણા નિમિત્તે ૮મી જુલાઈ, ૨૦૨૫થી ૧૨ જુલાઈ, ૨૦૨૫ સુધી, ચોક્કસ બાગોમાં બપોરે ૩:૦૦ વાગ્યાથી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી (બાગ બંધ થતા સમય સુધી) ફક્ત બહેનો, નાના બાળકો, બાલિકાઓ અને વરિષ્ઠ નાગરિકોને જ પ્રવેશની મંજૂરી આપવામાં આવશે. આ વ્યવસ્થા શહેરના વિવિધ ઝોનના ૬૦ બાગોમાં લાગુ થશે, જેમાં સેન્ટ્રલ ઝોનના ગાંધી બાગ, સ્નેહ મિલન બાગ, વેસ્ટ ઝોનના નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉધાન, મોરારજી દેસાઈ ઉધાન, સાઉથ વેસ્ટ ઝોનના લેકવ્યૂ ગાર્ડન, જવાહરલાલ નહેરુ ઉદ્યાન, સાઉથ-એ ઝોનના ઉમિયામાતા ઉદ્યાન, સાઉથ-બી ઝોનના ઉન લેક ગાર્ડન, સાઉથ ઈસ્ટ ઝોનના મહર્ષિ આસ્તિકઋષિ લેક ગાર્ડન, ઈસ્ટ-એ ઝોનના ઝવેરચંદ મેઘાણી ઉધાન, ઈસ્ટ-બી ઝોનના મહારાણા પ્રતાપ ઉદ્યાન અને નોર્થ ઝોનના વીર સાવરકર ઉદ્યાન, ડભોલી લેક ગાર્ડન સહિતના મોટા ગાર્ડનોનો પણ સમાવેશ કરાયો છે.

## 'તેં મારા સાળાને જેલમાં માર ખવડાવ્યો' કહી પાંડેસરાના યુવકને છરાના ઘા ઝીંકાયા

**ત્રણ** હુમલાખોર વિરુદ્ધ ગુનો નોંધાયો

સુરતઃ પાંડેસરા દેવકી નંદન સ્કૂલની પાછળ પાનના ગલ્લા પાસે ઉભેલા યુવક પાસે બાઈક લઈને ત્રણ ઈસમ ધસી આવ્યા હતાં, જે પૈકી એકે તેં મારા સાળાને લાજપોર જેલના બેરેકમાં માર ખવડાવ્યો છે" તેવું કહી છરા વડે હુમલો કરી નાસી છૂટ્યા હતા.

પાંડેસરા બમરોલી રોડ પર હરી ઓમ નગરમાં પરિવાર સાથે રહેતો વિકાસ રાધેશ્યામ તિવારી ગત 03જી જુલાઈની રાત્રે જમવાનું લઈને ઘરે જઈ રહ્યો હતો. દરમિયાન પાંડેસરા દેવકી નંદન સ્કૂલની પાછળ પાનના ગલ્લા પાસે ઉભો હતો, તે વખતે પાંડેસરા હાઉસિંગમાં રહેતો બ્રિજેશ ઉર્ફે છાંગા રાજપુત તથા ગુજ્જર સહિત ત્રણ ઈસમ બાઈક પર તેની પાસે આવ્યા હતા. બ્રિજેશ ઉર્ફે છાંગાએ તેં મારા સાળા જેનીશને લાજપોર જેલના બેરેકમાં કોઈ માણસો દ્વારા માર ખવડાયો છે" તેવું કહેતા વિકાસ તિવારીએ ખુલાસો કર્યો હતો કે ભાઈ મૈંને કુછ નહીં કિંયા હૈ, મેં કુછ નહીં જાનતા." જો કે બ્રિજેશ ઉર્ફે છાંગા તથા તેની સાથેના બંને આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને વિકાસને મારી નાંખવાના ઈરાદે ઝપાઝપી કરી છરાઓ વડે જીવલેણ હુમલો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વિકાસને સારવાર અર્થે નવી સિવિલ હોપિટલમાં ખસેડાયો હતો. બનાવ સંદર્ભે પાંડેસરા પોલીસે વિકાસ તિવારીની પત્ની સોનમ તિવારીની ફરિયાદના આધારે ત્રણ ઈસમ વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજસીટોકના ગુનામાં માથાભારે સજ્જુ કોઠારીના સાગરીતનાં જામીન મંજૂર

સુરતઃ ગુજસીટોકના ગુનામાં માથાભારે સજ્જુ કોઠારીના સાગરીત ગુલામ હુસૈન ભોજાણીના જામીન કોર્ટે મંજુર કર્યા છે. મુંબઈ ખાતેથી ગુલામ ભોજાણીની ધરપકડ કરવામાં આવી હતી. નાનપુરાના માથાભારે સજ્જુ કોઠારીના ખાસ સાગરીત એવા ગુલામ ભોજાણીએ ફરિયાદી પાસેથી બે મોબાઈલ ફોન અને બે લાખની ખંડણી વસૂલી હતી. તદુપરાંત ગુલામ ભોજાણી સામે ગુજસીટોકનો ગુનો પણ નોંધાયો હતો. આ કેસમાં ગુલામ ભોજાણી લાજપોર જેલમાં બંધ હતો. તેણે વકીલ ઝફર બેલાવાલા મારફતે રેગ્યુલર જામીનઅરજી કરી હતી. બચાવ પક્ષે દલીલો કરી હતી કે, અન્ય સહ આરોપી સજ્જુ કોઠારી સહિતના આરોપીઓના આ કેસમાં જામીન થયા છે. જેથી લો ઓફ પેરિટીનો લાભ આપવા માગ કરી હતી. કોર્ટે બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ જામીન મંજુર કર્યા હતા.

## સુરતના કાપડ બજારમાં હરિયાળી ત્રીજના તહેવારથી 100 કરોડના વેપારની આશા

**ગુજરાતમાં** વસવાટ કરતા ઉત્તર ભારતીયો પણ આ પર્વની ઉજવણી ભારે ધામધૂમથી કરે છે, જેના કારણે સુરતના કાપડ બજારમાં વેપારનું ચક્ર તેજ બન્યું

સુરત : શ્રાવણ મહિનાના શુક્લ પક્ષની તૃતીયા તિથિએ ઉજવાતા હરીયાળી ત્રીજના પર્વને લઈને સુરતના કાપડ બજારમાં એક નવી ઊર્જા જોવા મળી રહી છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં પ્રચલિત આ તહેવારનો ઉલ્લેખ કૃષિ અને સૌંદર્યપ્રેમની પરંપરાની સાથે જોડાયેલાં તહેવાર તરીકે ઉજવાય છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં હરીયાળી ત્રીજનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. તો બીજી તરફ ગુજરાતમાં વસતા ઉત્તર ભારતીયો પણ આ પર્વની ઉજવણી ભારે ધામધૂમથી કરે છે, જેના કારણે સુરતના કાપડ બજારમાં વેપારનું ચક્ર તેજ બન્યું છે.

હરીયાળી ત્રીજનો તહેવાર મહિલાઓ માટે ખાસ મહત્વ ધરાવે છે. તે દિવસે મહિલાઓ લીલાં કપડાં પરિધાન કરી શ્રૃંગાર કરે છે અને ભગવાન શંકર-માતા પાર્વતીની પૂજા કરે છે. તેનાથી પ્રેરિત થઈ સુરતના વેપારીઓએ ખાસ લીલાં રંગની સાડીઓ પર ઝરી, બોર્ડર પટ્ટીઓ, બેકલેસ ડિઝાઈન જેવી વિશિષ્ટ સાડીઓનું ઉત્પાદન શરૂ કર્યું છે. એક સાડીની કિંમત રૂપિયા 500થી 700 સુધી હોય છે, જે મધ્યમ વર્ગ માટે પણ અત્યંત આકર્ષક છે. વેપારીઓના જણાવ્યા અનુસાર દોઢ મહિના સુધી ચાલનારી આ તહેવારની સિઝનમાં સુરતના કાપડ માર્કેટમાં અંદાજે 100 કરોડ રૂપિયાનો વેપાર થવાની શક્યતા છે.

## માન દરવાજા ટેનામેન્ટના નવીનીકરણ સાથે અનેક પરિવારોની વર્ષો જૂની સમસ્યાનો અંતઃ સી.આર.

**સી.આર.** પાટીલના હસ્તે માન દરવાજા ખાતે ૧૩૧૨ ટેનામેન્ટ, ફાયર સ્ટેશન, નવીનીકરણનાં કામોનું ખાતમુહૂર્ત



સુરતઃ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતના માન દરવાજા ખાતે ૧૩૧૨ ટેનામેન્ટ, ફાયર સ્ટેશન, ન.પ્રા. શાળા તેમજ આંગણવાડી સહિતના નવીનીકરણનાં કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. રાજ્ય સરકારની જાહેર આવાસોના પુનઃ વિકાસ યોજના અંતર્ગત માન દરવાજા ખાતે અંદાજે રૂ.૨૦૦ કરોડના ખર્ચે રહેણાક ટેનામેન્ટના રિડેવલપમેન્ટ સહિત ૧૧૭ દુકાન ધરાવતું શોપિંગ સેન્ટર, ૪૦ સ્ટાફ ક્વાટર્સ અને ૨ ઓફિસ સહિતનું ફાયર સ્ટેશન પણ તૈયાર કરાશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ નવું ઘર મેળવનારા તમામ પરિવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, માન દરવાજા ટેનામેન્ટના નવીનીકરણ સાથે અનેક પરિવારોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવશે. હાલ કરતાં ૪૦ ટકા વધારાની જગ્યા સાથે તૈયાર થનારું સપનાનું નવું ઘર ટેનામેન્ટના પરિવારો માટે બમણી ખુશી આપશે. આ પ્રસંગે સાંસદ મુકેશભાઇ દલાલ, મેયર દક્ષેશ માવાણી, ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ, સંગીતાબેન પાટીલ, અરવિંદભાઈ રાણા, પ્રવીણભાઈ ઘોઘારી, મનુભાઈ પટેલ, ડે.મેયર નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, પૂર્વ મેયર નિરંજનભાઈ ઝાંઝમેરા સહિત મોટી સંખ્યામાં ટેનામેન્ટના પરિવારો હાજર રહ્યા હતા.


DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
CIN U40102GJ2003SGC042909
બારડોલી (સં. અને નિ) વિભાગીય કચેરી
૬૬ કે.વી.એસ.એસ. કંપાઉન્ડ, સુરત-બારડોલી રોડ, ને.હા.નં.-૬, બારડોલી-૩૯૪૬૦૧
ટોલ ફ્રી નં: ૧૯૧૨૩ (કે ૧૮૦૦-૨૩૩-૩૦૦૩)

DGVCL

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ ૬૬ કેવી સબ-સ્ટેશનોમાંથી નીચે જણાવેલ ૧૧ કેવી ફીડરો ઉપર જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં, કામગીરી પૂરી થયે કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧. | બેડધા | ૧૧ કેવી કરુઠા જેજીવાય<br>૧૧ કેવી કલમકુવા જેજીવાય<br>૧૧ કેવી સિંગલવણ એજી<br>૧૧ કેવી સરકુઈ એજી<br>૧૧ કેવી જુના કાકરાપાર એજી<br>૧૧ કેવી ફીબ્કો HT | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૦૮.૦૭.૨૦૨૫/ મંગળવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૨. | માંડવી | ૧૧ કેવી માંડવી ટાઉન<br>૧૧ કેવી જામણકુવા જેજીવાય<br>૧૧ કેવી તરસાડા એજી<br>૧૧ કેવી નાનીચેર એજી<br>૧૧ કેવી રામેશ્વર એજી<br>૧૧ કેવી અંધાત્રી જેજીવાય | માંડવી | ૮૯૮૦૮૦૩૮૬૩ | ૧૦.૦૭.૨૦૨૫/ ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૩. | સાદડાપાણી | ૧૧ કેવી દેવઘાટ જેજીવાય<br>૧૧ કેવી ઉમરપાડા જેજીવાય<br>૧૧ કેવી ઘાણાવડ એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૦.૦૭.૨૦૨૫/ ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૪. | સાદડાપાણી | ૧૧ કેવી ચારણી જેજીવાય<br>૧૧ કેવી વેલાવી એજી | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૧.૦૭.૨૦૨૫/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૫. | ઝંખવાવ | ૧૧ કેવી ઉમરખડી જેજીવાય<br>૧૧ કેવી ક્વોરી ઇન્ડ. | ઉમરપાડા | ૮૯૮૦૮૦૩૮૬૯ | ૧૨.૦૭.૨૦૨૫/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |

નોંધઃ ગ્રાહક તકરાર નિવારણ સમિતિની બેઠકઃ દર મહિને ૧૦મી તારીખે વિભાગીય કચેરીએ અને ૨૦મી તારીખે વર્તુળ કચેરીએ

કાર્યપાલક ઈજનેર (સં. અને નિ.) બારડોલી વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લિ.

એમ.સી.બી/ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો